# સુરતમાં નાણામંત્રી કનુભાઈના હસ્તે ધ્વજારોહણ કરાયું




સુરતઃ સુરતના ઉમરા કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી દબદબાભેર કરવામાં આવી હતી. જિલ્લા પ્રભારી અને નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ધ્વજારોહણ કરી પરેડનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર તેજસ પરમાર અને પોલીસ કમિશનર વાબાંગ જમીર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે સુરતે ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગ ઉપરાંત સ્માર્ટ, સ્વચ્છ અને હવે 'અંગદાતા સિટી' તરીકે પણ વૈશ્વિક ઓળખ મેળવી છે. વિશ્વમાં વપરાતા ૧૦માંથી ૯ હીરાનું કટિંગ-પોલિશિંગ સુરતમાં થાય છે, જ્યારે દેશમાં ઉત્પાદિત માનવસર્જિત કાપડનો આશરે ૪૦ ટકા હિસ્સો સુરતમાં બને છે.

# 1947માં નાનીએ પહેર્યો હતો તે પોશાક પહેરી મેયરે ધ્વજ ફરકાવ્યો



સુરતઃ આ વખતે સુરત મનપા દ્વારા ચોકબજારના કિલ્લાના મેદાનમાં સ્વાતંત્રય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં પર્વની 15મી ઓગસ્ટ 1947 ના રોજ જ્યારે દેશ આઝાદ થયો, ત્યારે દેશના પ્રથમ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીમાં સુરતના મેયર માયાબેન માવાણીના નાની સ્વ. નંદુબેન વિઠ્ઠલભાઈ લાઠીયાએ જે પોશાક પહેર્યો હતો, તે જ ઐતિહાસિક પહેરવેશ પહેરીને મેયર માયાબેન માવાણીએ સુરતના ઐતિહાસિક કિલ્લા ખાતે ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે મેયરે જણાવ્યુ હતું કે, વારસામાં માત્ર મિલકત જ નહીં પરંતુ આવી અનમોલ ઐતિહાસિક હસ્તકલા અને સંસ્કૃતિ પણ મળી શકે છે.

# ધારાસભ્યએ તિરંગો ઊંધો ફરકાવ્યાનો વિડીયો વાયરલ થતાં વિવાદ સર્જાયો

**આ** ઘટનાનો એક વિડીયો રિલ્સ સ્વરૂપે બનાવીને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર અપલોડ પણ કરાયો

**જો** કે ધારાસભ્યના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આવી કોઇ ભૂલ નજરે નહીં પડતા કોઇએ ટીખળ કર્યાની ચર્ચા



સુરતઃ 15 ઓગસ્ટના રોજ દેશભરમાં આઝાદીના પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી હતી, ત્યારે સુરતના કતારગામ વિધાનસભા મતક્ષેત્રના ધારાસભ્ય અને રાજ્ય સરકારના પૂર્વ મંત્રી વિનોદ મોરડીયાએ ઊંચો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હોવાનો કથીત વિડીયો વાયરલ થયો હતો. આટલું જ નહીં, આ ઘટનાનો એક વિડીયો રિલ્સ સ્વરૂપે બનાવીને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર અપલોડ પણ કરવામાં આવ્યો હતો, જે જોતજોતામાં વાયરલ થઈ ગયો હતો.

પૂર્વ મંત્રી રહી ચૂકેલા અને જવાબદાર જનપ્રતિનિધિ એવા ધારાસભ્યને રાષ્ટ્રધ્વજ કઈ રીતે ફરકાવવો તે અંગેની સમજ નહી હોવાની પ્રતિતિ થતા સોશિયલ મીડિયામાં તેમનો ભારે વિરોધ થઈ રહ્યો છે. ઊંધો ત્રિરંગો લહેરાવતો વિડીયો નેટીઝન્સ અને સ્થાનિક નાગરિકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આ બેદરકારી સામે આવતા જ લોકોએ સોશિયલ મીડિયા પર વિનોદ મોરડીયાની આકરી ટીકા કરી છે અને રાષ્ટ્રધ્વજના સન્માન પ્રત્યે દાખવવામાં આવેલી આ ગંભીર ભૂલ અંગે ભારે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. જો કે આ બાબતે તપાસ કરતા ધારાસભ્ય વિનોદ મોરડીયાના સોશીયલ મીડીયામાં અપલોડ થયેલા વીડીયો કે ફોટોમાં કોઇ ભુલ જણાઇ નહોતી. તેથી કોઇ ટીખળખોરોએ આવુ કર્યું હોવાની પણ ચર્ચા હતી. દરમિયાન ધારાસભ્યનો સંર્પક કરવા પ્રયત્ન કરાયો હતો પરંતુ થઇ શકયો નહોતો.

# 1 વર્ષ 9 માસની બાળકી સહિત બેનાં તાવમાં મોત

સુરતઃ સુરત શહેરમાં વરસાદી માહોલ વચ્ચે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલમાં કાપોદ્રા મરઘા કેન્દ્ર પાસે આવેલા નવસર્જન એપાર્ટમેન્ટમાં રહેતા રુદ્ર તિવારીની 1 વર્ષ 9 માસની પુત્રી યુવીને છેલ્લા 10 દિવસથી તાવ, ઝાડા, શરદી અને ખાંસીની તકલીફ હતી. પરિવારજનો દ્વારા નજીકના દવાખાનામાં તેની સારવાર કરાવવામાં આવી રહી હતી. જોકે ગત તા. 14મીએ બપોરે ઘરે તેની તબિયત અચાનક વધુ લથડ્યા બાદ તેનું મોત નીપજ્યું હતું. બીજા બનાવમાં લિંબાયત મીઠી ખાડી પાસે રમાબાઈ ચોક નજીક રહેતા 47 વર્ષીય સુભાષ સુપડું તાયડેને બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. ગઈકાલે તેમની તબિયત અચાનક બગડતા તેઓ બેભાન થઈ ગયા બાદ સિવિલમાં લઈ જતાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ તાવ, ઝાડા-ઊલટી, ડેન્ગ્યુ, મલેરિયા, શરદી સહિતની બીમારીમાં વધારો થઈ રહ્યો છે.




# ક્રિકેટ રમતા બાળકોને મળ્યું સ્વયંભૂ શિવલિંગ, આજે પણ ગંગેશ્વર મહાદેવ આસ્થાનું કેન્દ્ર

**શ્રાવણમાં મહાદેવનો મહિમા**

સુરતઃ અડાજણ ખાતે આવેલ શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિર સ્વયંભૂ પ્રગટ થયેલા શિવલિંગ સાથે જોડાયેલી અનોખી આસ્થાની કહાની ધરાવે છે. 29 ઓક્ટોબર 1999 ના રોજ રાંદેર-અડાજણ તરફના બાળકો અહીં ક્રિકેટ રમી રહ્યા હતા ત્યારે દડો ઝાડી-ઝાંખરામાં જતાં તેને શોધવા ગયેલા બાળકને સાપની કાંચળી સાથે જમીનમાં અડધું દટાયેલું વિચિત્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. માટી હટાવતા શિવલિંગ પ્રગટ થયું હોવાનું કહેવાય છે. બાદમાં સ્થાનિક લોકો અને ટ્રસ્ટ દ્વારા અહીં ભવ્ય મંદિરનું નિર્માણ કરાયું હતું. આજે મંદિરની શિખર શૈલી અને શાંત વાતાવરણ દર્શનાર્થીઓ માટે આસ્થાનું આકર્ષણ બન્યું છે.

# પાલમાં લક્ઝુરીયસ કારમાં ચાલતું ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક

**લાઇવ** મેચ પર બેટિંગ માટે આઇડી વેચતો અડાજણનો બુકી ઝડપાયોઃ રૂ.૧૨.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત

સુરતઃ પાલ વિસ્તારમાં લક્ઝુરીયસ કારમાં બેસીને હાઈટેક ટેકનોલોજી દ્વારા ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનું કૌભાંડ ચલાવતા એક શખ્સને રાંદેર-પાલ પોલીસે ઝડપી પાડ્યો છે.

પાલ ગેલેક્સી સર્કલ પાસે આવેલા ફોર્ચ્યુન મોલ સામે એક શખ્સ પોતાની લક્ઝુરીયસ કિયા સેલ્ટોસ કારમાં બેસીને મોબાઈલથી લાઇવ મેચ પર ઓનલાઈન જુગાર રમાડી રહ્યો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પાલ પોલીસે ઓચિંતો દરોડો પાડીને સ્થળ પરથી મૂળ અડાજણ સ્થિત મધુવન સર્કલ પાસે રહેતા ૩૨ વર્ષીય યશ દિલીપભાઈ શાહને ઝડપી પાડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી યશ શાહ ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટિંગ માટેની મુખ્ય 'માસ્ટર આઈડી' મેળવતો હતો. ત્યારબાદ અલગ-અલગ ભાવ અને કમિશન નક્કી કરીને પોતાના ગ્રાહકો તથા નાના જુગારીઓને આ આઈડી વેચાણથી આપી ઓનલાઈન સટ્ટો રમાડવાનું નેટવર્ક ચલાવતો હતો.

દરોડા દરમિયાન પોલીસે આરોપી યશ શાહની ધરપકડ કરી તેની પાસેથી રૂ.૩૦,૦૦૦ ની કિંમતનો સેમસંગ ગેલેક્સી Z ફોલ્ડ સ્માર્ટફોન, રૂ.૧૨ લાખની કિંમતની કિયા સેલ્ટોસ કાર અને રોકડા રૂ.૮,૭૯૦ મળીને કુલ રૂ.૧૨,૩૮,૭૯૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી આ માસ્ટર આઈડી ક્યાંથી લાવતો હતો અને તેની સાથે અન્ય કયા મોટા બુકીઓ કે એજન્ટો જોડાયેલા છે તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# પૂર રાહતકાર્યોના સન્માન માટે આમંત્રણ પણ સ્ટેજ પર નામ કપાયું

**લિંબાયતના** ભાજપી નેતા સમ્રાટ પાટીલનું નામ છેલ્લી ઘડીએ કપાતા રાજકીય જૂથબંધીની ચર્ચા

સુરતઃ સ્વતંત્રતા પર્વ નિમિત્તે ઉમરા ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં પૂર-ખાડીપૂર દરમિયાન રાહત અને બચાવ કામગીરી કરનાર સંસ્થાઓના સન્માનને લઈને રાજકીય ચર્ચાએ જોર પકડ્યું છે. ભાજપ સાથે સંકળાયેલા સક્રિય સ્થાનિક નેતા સમ્રાટ પાટીલ અને તેમના 'સાંઈ લીલા ગ્રુપ'ને રાહત કામગીરી બદલ સન્માનિત કરવા માટે તંત્ર તરફથી આમંત્રણ આપવામાં આવ્યું હતું. જોકે, કાર્યક્રમમાં પાંચ પૈકી ચાર એનજીઓનું સન્માન થયા બાદ ગ્રુપનું નામ બોલાવવામાં ન આવતાં મામલો ચર્ચાસ્પદ બન્યો છે.

સમ્રાટ પાટીલને પૂર દરમિયાન ફૂડ પેકેટ, રાશન કીટ અને આર્થિક સહાય સહિતની કામગીરી બદલ સન્માન માટે પસંદ કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે. પરંતુ સન્માનની વેળાએ નામ ન બોલાતા તેમની સાથે આવેલા લોકોમાં પણ આશ્ચર્ય ફેલાયું હતું.

આ ઘટનાને ભાજપની આંતરિક જૂથબંધીના રાજકારણ સાથે જોડીને જોવામાં આવી રહી છે. આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખતાં લીંબાયત બેઠકમાં દાવેદારી અને નેતાઓ વચ્ચે વધતી સ્પર્ધાની ચર્ચા વચ્ચે સન્માનની યાદીમાંથી છેલ્લી ઘડીએ નામ ગાયબ થવાની ઘટના અનેક તર્ક-વિતર્ક સર્જી રહી છે. પૂર દરમિયાન રાહત કામગીરીથી સમ્રાટ પાટીલની સક્રિયતા વધી હોવાના રાજકીય ગણિત વચ્ચે વિરોધી જૂથ દ્વારા તેમનું કદ વધતું અટકાવવાનો પ્રયાસ થયો હોવાની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં છે.

# આજે શ્રાવણ મહિનાના પ્રથમ સોમવાર માટે શિવાલયો સજ્જ

**શહેરના** શિવ મંદિરોમાં સવારથી શિવભક્તોની ભીડ ઊમટશે

સુરતઃ શ્રાવણ માસના પ્રથમ સોમવારને લઈને સુરત શહેરમાં શિવભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આવતીકાલે વહેલી સવારથી જ શહેરના વિવિધ મહાદેવ મંદિરોમાં ભક્તોની ભીડ ઊમટી પડશે. ભગવાન શિવના દર્શન સાથે જળાભિષેક અને પૂજા કરવા માટે ભક્તો લાંબી કતારોમાં ઊભા રહેશે. મંદિરોમાં 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બની જશે.

શહેરના કતારગામનું કંતારેશ્વર મહાદેવ, અઠવાલાઈન્સનું ઈચ્છાનાથ મહાદેવ, અડાજણનું રામનાથ મહાદેવ, પાલનું સોમનાથ મહાદેવ, વરાછાનું કામનાથ મહાદેવ, સિંગણપોરનું શિવાલય તથા શહેરના વિવિધ વિસ્તારોના પ્રાચીન મહાદેવ મંદિરોમાં ભક્તોની વહેલી સવારથી હકડેઠઠ ભીડ જામશે. મહાદેવ મંદિરોમા પણ વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવશે.

## જળાભિષેક માટે ભક્તોની લાંબી કતારો રહેશે

પ્રથમ સોમવારે ભગવાન શિવને જળ અર્પણ કરવા માટે વહેલી સવારથી જ ભક્તો મંદિરે પહોંચશે. અનેક ભક્તો દૂધ, જળ, બિલિપત્ર, ફૂલ અને અન્ય પૂજા સામગ્રી સાથે મહાદેવના દર્શન કરવા ઊમટશે. મંદિરોમાં શિવલિંગ પર જળાભિષેક, દુગ્ધાભિષેક અને વિશેષ પૂજા કરવામાં આવશે.

## કાવડિયાઓ પણ માર્ગો પર નજરે પડશે

શ્રાવણના પ્રથમ સોમવારને લઈને શહેરમાં કાવડિયાઓની પણ ચહલપહલ જોવા મળશે. વિવિધ સ્થળેથી કાવડમાં પવિત્ર જળ લઈને આવતા કાવડિયા 'બમ બમ ભોલે'ના નાદ સાથે મહાદેવને જળાભિષેક કરશે.

## શ્રાવણમાં સુરતમાં રોજના દોઢથી બે લાખ બીલીપત્રની આવક, કરોડોનું ટર્નઓવર

સુરતઃ શ્રાવણ માસ શરૂ થતાં જ ભગવાન શિવને પ્રિય એવા બીલીપત્રની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. વેપારીઓના જણાવ્યા મુજબ હાલ રોજના દોઢથી બે લાખથી વધુ બીલીપત્રો બજારમાં ઠલવાઈ રહ્યા છે. એક મહિનામાં બીલીપત્રના વેપારથી કરોડો રૂપિયાનું ટર્નઓવર થતું હોવાનું વેપારીઓનું કહેવું છે. અશ્વનીકુમાર હોલસેલ માર્કેટના વેપારી મેહુલભાઈ ટોપીવાળાના જણાવ્યા મુજબ શ્રાવણ માસમાં સુરતના બજારમાં આવતો મોટાભાગનો બીલીપત્ર તાપી જિલ્લા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવે છે. ઉપરાંત માંડવી, નવસારી અને ભરૂચ પંથકમાં પણ બીલીપત્રનું મોટા પાયે ઉત્પાદન થાય છે. બીલીપત્રનો વેપાર માત્ર ધાર્મિક બજાર પૂરતો સીમિત નથી, પરંતુ તેની સાથે ગ્રામ્ય અર્થતંત્ર પણ જોડાયેલું છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં રહેતા પરિવારોને વધારાની આવક અને રોજગારની તક મળી રહી છે.

# પત્ની સાથે સંબંધની શંકામાં મોટાભાઈએ ભાઈની હત્યા કરી

**લિંબાયતના** આંબેડકર નગરમાં ૧૫મી ઓગસ્ટે ભાઈને ચપ્પુ મારી દીધું

સુરતઃ લિંબાયત વિસ્તારમાં આવેલા આંબેડકર નગરમાં પત્ની સાથે અનૈતિક સંબંધ હોવાના શંકા-કુશંકાના વહેમમાં મોટા ભાઈએ પોતાના જ સગા નાના ભાઈ પર ચપ્પુ વડે ખૂની હુમલો કરી કરુણ મોત નિપજાવ્યાની સનસનીખેજ ઘટના સામે આવી છે. ૧૫મી ઓગસ્ટની રાત્રે બનેલી આ લોહિયાળ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ મામલે પિતાની ફરિયાદના આધારે લિંબાયત પોલીસે ગુનો નોંધી આરોપી મોટા ભાઈની ધરપકડ કરી લીધી છે.

લિંબાયત સ્થિત આંબેડકર નગરમાં રહેતા અને રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટમાં સફાઈકામ કરતાં ૬૫ વર્ષીય યુવરાજ ધાકુ સોનવણે દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૫/૦૮/૨૦૨૬ ના રોજ પંદરમી ઓગસ્ટની રજા હોવાથી પરિવાર ઘરે હાજર હતો. રાત્રે સાડા દશેક વાગ્યે પહેલા માળે આરામ કરી રહેલા યુવરાજભાઈને નીચેથી બૂમાબૂમનો અવાજ સંભળાતા તેઓ બહાર આવ્યાં હતા.

જ્યાં તેમનો મોટો દીકરો અનિલ (ઉં.વ.૩૦) પોતાના નાના ભાઈ સુનિલ (ઉં.વ.૨૮) સાથે ઉગ્ર ઝઘડો કરી રહ્યો હતો. પૂછપરછમાં સામે આવ્યું હતું કે અનિલને તેની પત્ની કોમલ સાથે નાના ભાઈ સુનિલના આડા સંબંધો હોવાનો તીવ્ર શંકા-વહેમ હતો. ઝઘડા દરમિયાન ઉશ્કેરાયેલા અનિલે ચપ્પુ કાઢીને સૌપ્રથમ સુનિલના માથાના ભાગે માર્યું હતું. લોહીલુહાણ થયેલો સુનિલ જીવ બચાવવા ઘર બહાર દોડ્યો હતો, પરંતુ ઝનૂની બનેલો અનિલ હાથમાં ચપ્પુ લઈ તેની પાછળ દોડ્યો હતો. શેરીમાં ગલી નંબર ૦૪ ના ઘર નંબર ૫૧૩ પાસે અનિલે સુનિલને પકડી પાડી ડાબી બાજુના પડખામાં ચપ્પુનો ઊંડો જીવલેણ ઘા ઝીંકી દીધો હતો.

# SC હોવાથી રેગિંગ કરાતું હતું

**સિવિલના** 4 સિનિયર ડૉક્ટરો સામે એટ્રોસિટી અને આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ

ડો. હર્ષ અને અન્ય વિદ્યાર્થીઓને માનસિક ટોર્ચર કરાતું હતું.

સુરતઃ એમ.ડી.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ડૉ. હર્ષ પંડ્યાને દલિત હોવાના કારણે ટાર્ગેટ કરી, 'અમે બોસ છીએ ને તમે નોકર' કહી માનસિક ટોર્ચર કરનારા અને આપઘાત કરવા માટે મજબૂર કરનારા ૪ નરાધમ સિનિયર રેસિડેન્ટ ડૉક્ટરો વિરુદ્ધ અંતે ખટોદરા પોલીસે એટ્રોસિટી અને આપઘાતની દુષ્પ્રેરણાનો કડક ગુનો નોંધી કાયદાનો શિકંજો કસ્યો છે. આ મામલે ખટોદરા પોલીસ મથકે ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણા તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

## જૂનિયરો પાસે વર્ગ ૪ અને લેબ ટેક્નિશિયનનું કામ કરાવાતું હતું

વર્ગ-૪ અને લેબ ટેકનીશિયનની જવાબદારીનું કામ પણ પરાણે જુનિયરો પાસે કરાવવામાં આવતું હતું. સિનિયરો પોતાની અહંકાર અને ઇગો સંતોષવા માટે જુનિયરો પાસે નામજોગ પાણીના ગ્લાસ મંગાવી જાહેરમાં અપમાનિત કરતા હતા. આ હલકી માનસિકતા અને સતત અપાતા ત્રાસથી કંટાળીને અંતે હોનહાર તબીબે ગળેફાંસો ખાઈ લીધો હતો.

મોડાસા ખાતે રહેતા અને નિવૃત્ત જીવન ગાળતા પિતા ડો. સુભાષચંદ્ર વાલજીભાઈ પંડ્યા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, તેમનો ૩૦ વર્ષીય પુત્ર ડો. હર્ષ ફેબ્રુઆરી-૨૦૨૬થી એમ.ડી. માઈક્રોબાયોલોજીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો અને પી.જી. હોસ્ટેલના બી-બ્લોકના રૂમ નંબર ૧૦૦૫માં રહેતો હતો. ગત તા. ૦૯/૦૮/૨૦૨૬ના રોજ ડો. હર્ષે પોતાની હોસ્ટેલના રૂમમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. આરોપ મુજબ, બીજા વર્ષ (R-2) માં અભ્યાસ કરતા ચાર સિનિયર ડોક્ટરો (૧) ડો. વસાવે નીરાલીબેન, (૨) ડો. અનુજ મહેશ્વરી, (૩) ડો. ગેવરીયા દિશીતાબેન અને (૪) ડો. ભુત હીનાબેન દ્વારા ડો. હર્ષ અને તેની સાથેના અન્ય વિદ્યાર્થીઓને માનસિક ટોર્ચર કરવામાં આવતું હતું. આપઘાતના ત્રણ-ચાર દિવસ પહેલાં પણ આ સિનિયરોએ વિદ્યાર્થીઓને સિરોલોજી લેબમાં દોઢ કલાક સુધી બેસાડી રાખી જાહેર અપમાન કરી અત્યંત ખરાબ વર્તન કર્યું હતું.

ફરિયાદીના જણાવ્યા મુજબ, ડો. હર્ષ અત્યંત શાંત સ્વભાવનો હતો અને અન્ય સાથી વિદ્યાર્થીઓનું કામ પણ એકલો કરી આપતો હતો. સિનિયરો તેને અનુસૂચિત જાતિ (SC)માંથી આવતો હોવાનું જાણતા હોવા છતાં મુખ્યાત્વે ટાર્ગેટ કરીને વધારે હેરાનગતિ કરતા હતા. નીચલા સ્ટાફ (ટેકનીશિયન, વર્ગ-૪)નું કામ પણ તેમની પાસે પરાણે કરાવવામાં આવતું હતું.

## ભાજપના મુકેશ ગુજરાતીની પોસ્ટથી વિવાદ

# 'ઓછા ટકાવાળો જજ નકુમ સાહેબની અડફેટે ચડે તો ખબર પડે'

**વિવાદ** વકરતા ફેસબુક પોસ્ટ ડિલીટ કરી દીધી હતી, પોતાના એક મિત્ર માટે લખ્યું હતું જેને તે 'જજ' તરીકે સંબોધે છે

સુરતઃ સુરતમાં આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢી લાકડીઓથી માર મારવાના કેસમાં ગુજરાત હાઈકોર્ટે ડીસીપી રાજદીપસિંહ નકુમ સામે કડક વલણ અપનાવી તેમની તાત્કાલિક બદલી કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટની આ લપડાક બાદ પોલીસ અધિકારીના સમર્થનમાં ગુજરાત ભાજપ પ્રદેશ બુથ મેનેજમેન્ટ સેલના સંયોજક મુકેશ ગુજરાતીએ પોતાના ફેસબુક એકાઉન્ટ પર જજ વિરુદ્ધ અત્યંત વિવાદાસ્પદ પોસ્ટ શેર કરી હતી. 14 ઓગસ્ટ, 2026ના રોજ રાત્રે કરવામાં આવેલી પોસ્ટમાં ભાજપ નેતાએ લખ્યું હતું કે, ''જજને જેહાદીઓને માર્યા તેમાં બળતરા આવી છે... એકવાર તે ઓછા ટકાવાળો જજ નકુમ સાહેબની અડફેટે ચડે તો ખબર પડે.'' વધુમાં તેમણે બીજી પોસ્ટમાં આક્ષેપ કર્યો હતો કે, ડીસીપી નકુમ જેવા અધિકારીઓના હાથ બાંધી જજ શું ક્રાઈમ વધારવા માંગે છે? જજને વહીવટનો કીડો હોય તો એકવાર ચૂંટણી મેદાનમાં આવે, જનતા શું ઈચ્છે છે તે ખબર પડી જશે. આ વિવાદ અંગે મુકેશ ગુજરાતીએ આઈપીએસની કામગીરીનો બચાવ કરતાં જણાવ્યું હતું કે, સીમી કેસના વિડીયો કોર્ટે નથી જોયા હોય એમ લાગે છે. જોકે, બાદમાં પોતાના બચાવમાં સ્પષ્ટતા કરી હતી કે આ લખાણ તેમણે પોતાના એક અંગત મિત્ર માટે લખ્યું હતુ જેને તેઓ 'જજ' તરીકે સંબોધે છે.

અગાઉ નાસીરનગર ડિમોલિશનના પક્ષમાં પણ પોસ્ટ કરી ચૂકેલા ભાજપ નેતા મુકેશ ગુજરાતી દ્વારા ન્યાયતંત્ર અને જજ સામે કરવામાં આવેલી આ ટિપ્પણીથી સમગ્ર રાજકીય અને કાનૂની વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. જોકે, વિવાદ વકરતા ભાજપ નેતાએ પોતાની ફેસબુક પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. હવે સૌની નજર ભાજપ પ્રદેશ સંગઠન પર છે કે કયુ સ્ટેન્ડ અપનાવે છે.

# અલથાણમાં ચોથા માળેથી પટકાતા એક વર્ષના માસૂમનું મોત

**અંશ** ઘરની ગેલેરીમાં રમી રહ્યો હતો, દરમિયાન અચાનક સંતુલન ગુમાવતા નીચે પટકાયો

**હૃદયદ્રાવક** ઘટનાના સીસીટીવીમાં કેદ થઈ



સુરત : અલથાણ વિસ્તારમાં આવેલા ટેનામેન્ટના ચોથા માળેથી રમતા-રમતા નીચે પટકાઈ જતાં માત્ર એક વર્ષના માસૂમ બાળકનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં બાળક ચોથા માળેથી નીચે પટકાતું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ અમરેલી જિલ્લાના બગસરાના વતની અને હાલ અલથાણ ટેનામેન્ટના ચોથા માળે રહેતા જયદીપભાઈ વાજાનો એક વર્ષનો પુત્ર અંશ ગત 11 ઓગસ્ટના રોજ ઘરની ગેલેરીમાં રમી રહ્યો હતો. દરમિયાન અચાનક સંતુલન ગુમાવતા અંશ ચોથા માળેથી નીચે પટકાયો હતો. બાળક નીચે પટકાતાં જ આસપાસના વિસ્તારમાં ચીસાચીસ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનો સહિત આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત અંશને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે, ફરજ પરના તબીબોએ અંશને મૃત જાહેર કર્યો હતો. આ સમગ્ર હૃદયદ્રાવક ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં માસૂમ બાળક ગેલેરીમાંથી નીચે પટકાતુ નજરે પડે છે. એક વર્ષના વહાલસોયા પુત્રના અકાળે મોતથી વાજા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# અઠવાગેટની કોલેજીયનના નગ્ન ફોટાના આધારે દુષ્કર્મ

**રાજસ્થાનના** યુવકે વિડીયો વાયરલ કરવાની ધમકી આપી અઠવાગેટની હોટલમાં પાંચ-પાંચ વખત મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો, સગા-સંબંધિતોને અશ્લીલ ક્લિપ મોકલાવાઈ

સુરતઃ અઠવાગેટની કોલેજિયન યુવતીને પ્રેમજાળમાં ફસાવી તેના અંગત પળોના નગ્ન ફોટા-વિડીયો મેળવી લેનારા રાજસ્થાનના યુવકે વિડીયો વાયરલ કરવાની ધમકી આપી અઠવાગેટની હોટલમાં પાંચ-પાંચ વખત દુષ્કર્મ ગુજાર્યો હતો. એટલું જ નહીં તેણે યુવતીના મામા અને સહેલીને નગ્ન વીડિયો મોકલી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

અઠવાગેટ વિસ્તારની એક કોલેજમાં ટી.વાય.બી.એ.માં અભ્યાસ કરતી ૨૨ વર્ષીય વિદ્યાર્થીનીને વર્ષ પહેલાં સ્નેપચેટ પર વિકાસ સીતારામ (રહે. રાજસ્થાન, નોકરી-મુંબઈ) નામના યુવકે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ બંને વચ્ચે વ્હોટ્સએપ પર વાતચીત અને પ્રેમાલાપ શરૂ થયો હતો. આ દરમિયાન વિકાસે મીઠી વાતોમાં ફસાવી યુવતી પાસેથી વ્હોટ્સએપ પર તેના નગ્ન ફોટા મેળવી લીધા હતા અને વિડીયો કોલ દરમિયાન યુવતીના નગ્ન હાલતના વિડીયો પણ રેકોર્ડ કરી લીધા હતા.

દોઢેક મહિના પહેલાં વિકાસે અસલી રૂપ બતાવવાનું શરૂ કર્યું હતું. તેણે યુવતીને નગ્ન ફોટા વાયરલ કરવાની ધમકી આપી અઠવાગેટ ખાતે મળવા બોલાવી હતી.ડ રી ગયેલી યુવતી તા. ૩૦/૦૬/૨૦૨૬ના રોજ અઠવાગેટ પહોંચતા વિકાસ તેને ઓટો રિક્ષામાં નવજીવન સર્કલ પાસે આવેલી 'હોટલ વીકેન્ડ'માં લઈ ગયો હતો અને તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું.

ત્યારબાદ તા. ૦૧/૦૭/૨૦૨૬ તથા તા. ૦૪, ૦૫ અને ૦૬ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન અવારનવાર ધમકી આપીને તે જ હોટલમાં બોલાવી પાંચ વખત મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો અને સંબંધ બાંધતી વખતના ફોટા પણ પાડી લીધા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# શ્રાવણ સુદ પાંચમઃ સુરતમાં આજે નાગપંચમીની આસ્થા

**નાગદેવતાના** મંદિરોમાં દર્શન માટે ભક્તોની ભીડ ઊમટી પડશે

સુરતઃ શ્રાવણ સુદ પાંચમ એટલે નાગપંચમી, સોમવાર, ૧૭ ઓગસ્ટે નાગપંચમી પર્વની ઉજવણી થશે. નાગદેવતાની પૂજા, ગોગા મહારાજના દર્શન, દૂધ-જળનો અભિષેક, શ્રીફળ-કુલેરનો પ્રસાદ અને પરિવારની સુખ-શાંતિ માટે પ્રાર્થના જેવી પરંપરાઓ જોવા મળશે. શ્રાવણ માસ ભગવાન શિવની ભક્તિ માટે વિશેષ માનવામાં આવે છે અને શિવજીના ગળામાં નાગનું સ્થાન હોવાથી નાગપંચમીનું ધાર્મિક મહત્ત્વ પણ વિશેષ છે. આ દિવસે નાગદેવતાને દેવ સ્વરૂપ માનીને તેની પૂજા કરવામાં આવે છે. પરિવારની રક્ષા, સુખ-સમૃદ્ધિ અને સંકટોથી બચાવ માટે ભક્તો પ્રાર્થના કરે છે. નાગ દેવતાની પૂજા ઘરમાં પાણીયારા પાસે અથવા નાગદેવતાના સ્થાન પર કંકુથી નાગનું ચિત્ર દોરી પૂજા કરવાની પરંપરા છે.

ધાર્મિક માન્યતા મુજબ નાગદેવતાને દૂધ તથા જળ અર્પણ કરવામાં આવે છે. જોકે જીવંત સાપને દૂધ પીવડાવવું વૈજ્ઞાનિક રીતે યોગ્ય નથી, કુલેરનો પ્રસાદ ગુજરાતમાં ખાસ કરીને બાજરીના લોટ, ગોળ અને ઘી માંથી બનતી કુલેરનો પ્રસાદ ધરાવવાની પરંપરા જોવા મળે છે. કેટલીક જગ્યાએ મહિલાઓ ઉપવાસ રાખીને ઠંડુ ભોજન લે છે. ગોગા મહારાજના મંદિરોમાં શ્રીફળ તથા પ્રસાદ ધરાવી માનતા રાખવાની પરંપરા પણ જોવા મળે છે.

## સુરતના ગોગા મહારાજના મંદિરો

- રામપુરા, કતારગામ દરવાજા,
- રબારીવાસ, ગોકુલનગર, પરવત ગામ, લિંબાયત
- અમરોલી ચાર રસ્તા નજીક, અમરોલી
- પાર્થ સોસાયટી, અમરોલી
- મધુવન સોસાયટી, અમરોલી
- તિરુપતિ સોસાયટી, ડિંડોલી
- મોતીનગર, નાના વરાછા
- પાલનપુર પાટિયા, સુરત
- પારડી કાંડે, સચિન